# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## "ગૃહ વિજ્ઞાન અભ્યાસક્રમની પરીક્ષા – ૨૦૧૮ નું જાહેરનામું"

## "Notification of Home Science Exam -2018"

ક્રમાંક:રાપબો/ગૃહ વિજ્ઞાન/૨૦૧૮/૨૪૩૫-૨૪૪૩ તા: ૦૩/૦૩/૨૦૧૮

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અગામી એપ્રિલ – ૨૦૧૮ માં લેવાનાર વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ-ગૃહ વિજ્ઞાન (HOME SCIENCE) ત્રીજા વર્ષની પરીક્ષા માટેનો કાર્યક્રમ આ મુજબ જાહેર કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૦૩/૦૩/૨૦૧૮ |
| ૨ | રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સંસ્થાઓને જાહેરનામું તથા આવેદનપત્ર મોકલવાની તારીખ (E-mail થી મોકલવવામાં આવશે.) | ૦૩/૦૩/૨૦૧૮ |
| 3 | સંસ્થા દ્વારા તાલીમાર્થીઓનાં આવેદનપત્રો ભરવાનો સમયગાળો | ૦૫/૦૩/૧૮ થી ૦૭/૦૩/૧૮ |
| ૪ | સંસ્થા દ્વારા આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં જમા કરાવવાની તારીખ | ૦૯/૦૩/૨૦૧૮ |
| ૫ | રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સંસ્થાને તાલીમાર્થીઓના સીટ નંબર મોકલવાની તારીખ (E-mail થી મોકલવવામાં આવશે.) | ૧૫/૦૩/૨૦૧૮ |
| ૬ | સંસ્થા ખાતે લેવાતી બાહ્ય પરીક્ષાનો સમયગાળો | ૧૯/૦૩/૧૮ થી ૨૨/૦૩/૧૮ |
| ૭ | સંસ્થાઓ દ્વારા પ્રાયોગિક તથા આંતરિક પરીક્ષાના ગુણપત્રકો સીલબંધ કવરમાં રાજ્ય પરીક્ષા બોર્ડમાં જમા કરાવવાની તારીખ (સંસ્થાઓએ રૂબરૂ જમા કરાવવાના રહેશે.) | ૨૩/૦૩/૨૦૧૮ |
| ૮ | સૈધ્ધાંતિક (લેખિત) પરીક્ષાની તારીખ | ૧૬/૦૪/૧૮ થી ૨૪/૦૪/૧૮ |

- **પરીક્ષા ફી:-**

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગૃહ વિજ્ઞાન (ત્રીજા વર્ષ) ની પરીક્ષા માટે નક્કી થયેલ ફી નાં દર આ મુજબ છે.

| ક્રમ | વિગત | આવેદન પત્ર ફી | પરીક્ષા ફી | પ્રાયોગિક પરીક્ષા ફી | ગુણપત્રક ફી | પ્રમાણપત્ર ફી | માઈગ્રેશન ફી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગૃહ વિજ્ઞાન ત્રીજા વર્ષનાં નિયમિત ઉમેદવારો માટેની ફીનાં દર | ૫૦/- | ૨૦૦/- | ૫૦/- | ૫૦/- | ૫૦/- | ૫૦/- |
| ૨ | ગૃહ વિજ્ઞાન ત્રીજા વર્ષનાં પુનરાવર્તિત ઉમેદવારો માટેની ફીનાં દર | ૫૦/- | ૫૦/- (વિષય દીઠ) | - | ૫૦/- | - | - |

નોંધ:-

(૧) ઉપરોક્ત વિગતે દર્શાવેલ ફી ના ધોરણો કરતા પરીક્ષા ફી ના સંદર્ભમાં કોઈપણ પ્રકારની વધુ ફી ની રકમ કોઈ તાલીમી સંસ્થા લઈ શકશે નહીં.

(૨) પ્રાયોગિક પરીક્ષા ફી સંસ્થાએ પોતાની પાસે રાખવાની છે અને તેમાંથી પ્રાયોગિક પરીક્ષાનું સંચાલન કરવાનું રહેશે.

(૩) ઉપરોક્ત વિગતના દર અનુસારની કૂલ ફી રકમનો ડી.ડી. કઢાવીને ફાઈલ સાથે રજુ કરવાનો રહેશે.

## ➢ સંસ્થાની સંલગ્નતા ફી અને સંસ્થામાં ત્રીજા વર્ષમાં હાલ નોંધાયેલ વિદ્યાર્થીઓની રજીસ્ટ્રેશન ફી:

વ્યવસાયલક્ષી કારકીર્દી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓની રજીસ્ટ્રેશન ફી નીચે મુજબ રહેશે.

| | |
|---|---|
| સંસ્થાની સંલગ્નતા ફી | ૫૦૦/- |
| ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓની રજીસ્ટ્રેશન ફી (વિદ્યાર્થી દીઠ) | ૧૦૦/- |
| ડિપ્લોમા ઈન હોમ સાયન્સ ત્રીજું વર્ષ વિદ્યાર્થી દીઠ | ૧૦૦/- |

આ અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓએ વર્ષ ૨૦૧૭-૧૮ માટે સંલગ્નતા ફી રૂપિયા ૫૦૦/- તથા સંસ્થામાં ત્રીજા વર્ષમાં હાલ નોંધાયેલ વિદ્યાર્થીઓની રજીસ્ટ્રેશન ફી વિદ્યાર્થી દીઠ રૂપિયા ૧૦૦/- લેખે ગણતરી કરી થતી રકમનો ડીમાન્ડ ડ્રાફટ અલગ થી કઢાવીને બોર્ડને વિદ્યાર્થીઓની યાદી સાથે મોકલી આપવાનો રહેશે.

## ➢ આવેદનપત્રો બોર્ડને મોકલવા અંગે:-

પરીક્ષાર્થીઓનાં આવેદનપત્રો સંસ્થા દ્વારા ભરવાનાં રહેશે. ભરાયેલાં આવેદનપત્રોની સંસ્થાના રેકર્ડ સાથે સંપૂર્ણ ચકાસણી કરી જે પરીક્ષાર્થીઓ પરીક્ષામાં બેસવા પાત્ર થતાં હોય તેવા જ પરીક્ષાર્થીઓના આવેદનપત્રો બોર્ડને મોકલવાના રહેશે. આવેદનપત્રોમાં પ્રમાણપત્ર સંસ્થાના આચાર્યશ્રીએ આપવાનું રહેશે. આવેદનપત્રો પૂરી ચોકસાઈથી અને છેક છાક વગર ભરવાના રહેશે. આ આવેદન પત્રોને નીચે દર્શાવેલ વિગત અનુસાર ફાઈલમાં રજુ કરવાના રહેશે.

## ➢ સંસ્થાએ રજૂ કરવાના જરૂરી આધારો / પ્રમાણપત્રો વિગતો :-

1. ફાઈલ નંબર – ૧ માં રજુ કરવાના આધારો:-

(1.1):- નીચેના ફોર્મેટ માં સંસ્થાનો ફોર્વર્ડીંગ લેટર.

| ક્રમ | વિગત | SC | ST | OBC | GEN | TOTAL |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગૃહ વિજ્ઞાન ત્રીજા વર્ષનાં નિયમિત ઉમેદવારોની સંખ્યા | | | | | |
| ૨ | ગૃહ વિજ્ઞાન ત્રીજા વર્ષનાં પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા | | | | | |
| કુલ | | | | | | |

(1.2):- સંસ્થાના ગૃહ વિજ્ઞાન ત્રીજા વર્ષના નિયમિત/પુનરાવર્તિત ઉમેદવારોની અલગ-અલગ યાદી (અટક+વિદ્યાર્થીનું નામ+પિતાનું નામ-ALPHABATICALLY ORDER મુજબ) ક્ષતિ રહિત અંગ્રેજી કેપિટલ અક્ષરમાં "Times New Roman" ફોન્ટમાં હાર્ડ કોપી તથા સોફ્ટકોપી (સી.ડી.) એક્સેલમાં (Excelsheet) તૈયાર કરી સી.ડી. પર કોલેજ નું નામ/ કોલેજ કોડ દર્શાવીને ફાઈલમાં સામેલ રાખવાના રહેશે.

(1.3 ):- સંસ્થાએ પોતાના લેટર પેડ પર નીચેના ફોર્મેટમાં સંસ્થાની સંલગ્નતા અને તાલીમાર્થીઓની રજી. ફીની વિગતો દર્શાવતુ પત્રક :

| ફી | ફી નો દર | વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | ફી ની કુલ રકમ | બેંકનું નામ | તારીખ | ડી.ડી નંબર |
|---|---|---|---|---|---|---|
| રજીસ્ટ્રેશન | ૧૦૦/- | | | | | |
| સંલગ્નતા | ૫૦૦/- | - | ૫૦૦/- | | | |
| કુલ | | | | | | |

(1.4) સંસ્થાએ પોતાના લેટર પેડ પર નીચેના ફોર્મેટમાં સંસ્થા દ્વારા આ પરીક્ષામાં ભરવામાં આવેલ આવેદનપત્રોના અનુસંધાને પરીક્ષા ફીની વિગત દર્શાવતુ પત્રક રજું કરવાનું રહેશે.

| ક્રમ | વિગત | ફી નો દર | કૂલ | બેંકનું નામ | તારીખ | ડી.ડી નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગૃહ વિજ્ઞાન ત્રીજા વર્ષનાં નિયમિત ઉમેદવારોની સંખ્યા | ૪૫૦/- (ઉમેદવાર દીઠ) | ૪૫૦/- | | | |
| ૨ | ગૃહ વિજ્ઞાન ત્રીજા વર્ષનાં પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા | ૫૦/- (વિષય દીઠ) | | | | |
| કુલ | | | | | | |

2. <u>ફાઈલ નંબર – ૨ માં રજુ કરવાના આધારો:-</u>

(2.1):- ઉમેદવારો દ્વારા ભરાયેલ આવેદનપત્રો (ઉપરોક્ત ક્રમ-1.2 અનુસારની અલગ-અલગ યાદી મુજબ) કે જેમા આચાર્યશ્રીએ સહી સિક્કા કરેલ હોય તે અસલ આવેદનપત્રો.

3. <u>ફાઈલ નંબર- ૩ માં રજુ કરવાના આધારો:-</u>

(3.1):- ઉપરોક્ત 2.1 અનુસારના આવેદનપત્રોની ઝેરોક્ષ નકલો.

(૩.૨):- ધોરણ -૧૨ ની માર્કશીટની નકલ (નિયમિત માટે) તથા પુનરાવર્તિત ઉમેદવારના કિસ્સામાં ગૃહ વિજ્ઞાન ત્રીજા વર્ષની તમામ પ્રયત્નોની માર્કશીટની નકલ.

4. ઉપરોક્ત ત્રણેય ફાઈલો પર નીચે દર્શાવેલ નમુનાનુ પત્રક પેસ્ટ કરી મુકવાનુ રહેશે.

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | કોલેજનો કોડ અને નામ | |
| ૨ | કોલેજ નું પુરૂ સરનામું | |
| ૩ | કોલેજ જિલ્લો | |
| ૪ | કોલેજ આચાર્યશ્રીનુ નામ | |
| | આચાર્યશ્રીનો મો.નં | |
| | સંસ્થાનો ટેલીફોન નંબર | |
| ૫ | ગૃહ વિજ્ઞાન ત્રીજા વર્ષનાં નિયમિત ઉમેદવારોની સંખ્યા | |
| ૬ | ગૃહ વિજ્ઞાન ત્રીજા વર્ષનાં પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા | |
| ૭ | પરીક્ષામાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | |

➢ આંતરિક તેમજ પ્રાયોગિક પરીક્ષાના ગુણપત્રકો મોકલવા અંગે:-

સંસ્થાએ પ્રાયોગિક પરીક્ષાના તેમજ આંતરિક પરીક્ષાના ગુણપત્રકો તારીખ: ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ ખાટે સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે. કવર ઉપર લાલ શાહીથી "ખાનગી" તેમ લખી પરીક્ષાનું નામ તેમજ આંતરિક ગુણ / પ્રાયોગિક ગુણ તેમ અવશ્ય લખવાનું રહેશે.

➢ મુક્તિ અંગે:-

જે ઉમેદવારે અગાઉની પરીક્ષામાં જે વિષયમાં ૪૦% કે તેથી વધુ માર્કસ મેળવ્યા હશે તે ઉમેદવારે તે વિષયમાં મુક્તિ રાખી શકશે. આથી પુનરાવર્તિત ઉમેદવાર જે વિષયમાં મુક્તિ રાખવા માંગતા હોય તેમણે આવેદનપત્રોમાં તે વિષયની મુક્તિનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો અને અગાઉની પરીક્ષાના દરેક પ્રયત્નના ગુણપત્રકની પ્રમાણિત કરેલ નકલ અવશ્ય જોડવાની રહેશે.

➢ હોલ ટીકીટ અંગે:-

દરેક ઉમેદવારને હોલ ટીકીટ રાજ્યપરીક્ષા બોર્ડ તરફથી આપવામાં આવશે. સંસ્થાના આચાર્યશ્રીએ હોલ ટીકીટમાં ઉમેદવારનો ફોટો, પરીક્ષાનું નામ, પરીક્ષા કેન્દ્ર, બેઠક નંબર તેમજ પરીક્ષા આપવાના થતા વિષયો વગેરેની સંપૂર્ણ ચકાસણી કરી આચાર્યશ્રીએ સહી-સિક્કો કરી પ્રમાણિત કરીને વિદ્યાર્થીને આપવાની રહેશે. ઉમેદવારે હોલ ટીકીટ પરીક્ષા દરમિયાન પોતાની પાસે રાખવાની રહેશે. તેમજ રોજે રોજ પેપર આપ્યા બદલની ખંડ નિરીક્ષકની સહી મેળવી લેવાની રહેશે.

➢ ગૃહ વિજ્ઞાન ત્રીજા વર્ષની પરીક્ષાનું સમય પત્રક:-

| વિષય કોડ | વિષય | તારીખ | વાર | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| ૧ | આહાર અને પોષણ-૩<br>(પરીક્ષણ અને આરોગ્ય) | ૧૬/૦૪/૨૦૧૮ | સોમવાર | ૧૧.૦૦ થી ૧૩.૦૦ | ૫૦ |
| ૨ | આહાર અને પોષણ-૪<br>કેટરીંગ મેનેજમેન્ટ | ૧૭/૦૪/૨૦૧૮ | મંગળવાર | ૧૧.૦૦ થી ૧૩.૦૦ | ૫૦ |
| ૩ | કાપડ અને વણાટ-૨<br>(ક્લોથીંગ એન્ડ ટેક્ષટાઈલ) | ૧૯/૦૪/૨૦૧૮ | ગુરુવાર | ૧૧.૦૦ થી ૧૩.૦૦ | ૫૦ |
| ૪ | ગૃહ સુશોભન | ૨૦/૦૪/૨૦૧૮ | શુક્રવાર | ૧૧.૦૦ થી ૧૩.૦૦ | ૫૦ |
| ૫ | બાળ વિકાસ-૩ (કુટુંબ જીવન શિક્ષણ) | ૨૧/૦૪/૨૦૧૮ | શનિવાર | ૧૧.૦૦ થી ૧૩.૦૦ | ૫૦ |
| ૬ | બાળ વિકાસ-૪<br>ઘોડિયાઘર વ્યવસ્થાપન અને સંચાલન | ૨૩/૦૪/૨૦૧૮ | સોમવાર | ૧૧.૦૦ થી ૧૩.૦૦ | ૫૦ |
| ૭ | ઉદ્યોગ સાહસિક્તા અને પ્રોજેક્ટ કાર્ય | ૨૪/૦૪/૨૦૧૮ | મંગળવાર | ૧૧.૦૦ થી ૧૩.૦૦ | ૫૦ |

નોંધ:- પ્રોજેક્ટ કાર્યના ગુણ અલગ સીલબંધ કવરમાં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને મોકલી આપવાના રહેશે.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

❖ નકલ રવાના અમલાર્થે

1. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી – ભરૂચ / રાજકોટ
2. આચાર્યશ્રી,અંજુમન-એ-તાલીમી ઈદારા ચેરીટેબલ ટ્રસ્ટ, ભરૂચ
3. આચાર્યશ્રી, તુલસી વુમેન'સ & ચિલ્ડ્રન'સ ઈન્સ્ટીટ્યુટ, રાજકોટ
4. જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

❖ નકલ સાદર રવાના જાણ સારૂ.

1. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર-૧૨, ગાંધીનગર
3. નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં:- ૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર